ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૬-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

રથયાત્રા : પ્રજા અને પરમાત્માનો સહિયારો લોકોત્સવ

આષાઢી બીજ એ ભારતીય સંસ્કૃતિમાં આગવું મહત્ત્વ ધરાવતું પર્વ છે. વર્ષાઋતુના પ્રારંભે આવતા આ પવિત્ર દિવસે કચ્છી પ્રજા નવા વરસની ઉજવણી કરે છે તો અન્યત્ર એ અખાત્રીજ, લાભપાંચમ કે મકર સંક્રાતિ જેવું વણજોયું શુભમુહૂર્ત છે. પરંતુ ઓડિશાના પુરી અને આપણા અમદાવાદમાં એનો વિશેષ મહિમા ભગવાન જગન્નાથની રથયાત્રાને કારણે છે. ભગવાન જગન્નાથ એટલે શ્રીકૃષ્ણ. પરંતુ શ્રી કૃષ્ણ દેશના વિવિધ પ્રદેશોમાં વિવિધ સ્વરૂપે પૂજાય છે. ગોકુળ - વૃંદાવનમાં એ નટખટ નંદકિશોર છે, રાસલીલા રમનારા, ગોપીઓનાં વસ્ત્રાહરણ કરનારા, અને માખણ મિસરી ખનારો ચિત્તચોર છે. દ્વારિકામાં એ રાજાધિરાજ છે. શ્રીનાથજીમાં એ ભક્તોનાં દુ:ખોના પહાડ ઊંચકનારો ગોવર્ધનધારી છે. પુરી એ સાત પવિત્ર મોક્ષદાયિની નગરીઓ પૈકીની એક છે. ઓડિશાનું મૂળ નામ ઉત્કલ પ્રદેશ છે. અંગ કહેતા બિહાર, ભંગ કહેતા બંગાળ અને ઉત્કલ પ્રદેશોની પ્રજા માંસાહારી અને મત્સ્યાહારી આ પ્રદેશો સનાતન ધર્મની દૃષ્ટિએ ઊતરતી કોટિના - મ્લેચ્છ પ્રદેશો ગણાતા હતા. ઈશ્વરને મન તમામ એનાં જ સંતાનો છે. એટલે એમને જગન્નાથ સ્વરૂપે જયેષ્ઠ બંધુ બલરામ અને બહેન સુભદ્રા સાથે નીલાંચલ પર વસવાટ કરી આ પ્રજાને આર્ય સમોવડી મહત્તા આપી. વર્ષોથી જગન્નાથ પુરીની રથયાત્રા એ વિશ્વભરનું આકર્ષણ બની રહી છે. અમદાવાદમાં એના અનુકરણ સ્વરૂપે આરંભાયેલી રથયાત્રા પણ આખા પ્રદેશનો સર્વજન સુલભ મહોત્સવ બની રહ્યો છે. જગદીશ મંદિર એ અમદાવાદની બલકે ગુજરાતની અનોખી ધર્મપીઠ બની ચૂકી છે. ભગવાન જગન્નાથ સપરિવાર મોસાળ પધારે, ત્યાં જાંબુ અને કેરી વધુ પડતી ખાવાથી એમને આંખો આવે, આંખો પર પાટા બાંધવામાં આવે જે ત્રીજે દિવસે ખોલવામાં આવે અને નગરયાત્રાએ નીકળતાં પૂર્વે પુરીના રાજાની જેમ ગુજરાતના મુખ્યમંત્રી સોનાની સાવરણીથી પહિંદ વિધિ સંપન્ન કરે - પછી એ રથ ખેંચીને બહાર લાવવામાં પોતે જોડાય અને બાકીની નગરયાત્રામાં સમાજનો શોષિત વિંચિત વર્ગ ભગવાનના રથ ખેંલવાનો લહાવો લે. ભક્તમંડળીઓ ભજનોની રમઝટ બોલાવે, કસરતબાજો એમના દાવ ખેલે. ગજરાત ઝૂલતા જાય. ભગવાન પોતે જ પ્રજાનાં સુખદુ:ખ જોવા સદેહે મંદિરની બહાર નગરયાત્રાએ નીકળ્યા હોય એથી વધુ રૂડો અવસર બીજો કયો હોય? હિંદુ મુસલમાન, સવર્ણ-અવર્ણ, ધર્મ સંપ્રદાય કે નાતજાતના ભેદભાવ ભૂલી આ લોકોત્સવમાં જોડાય છે. એમાં અનિષ્ટ તત્ત્વો ઘૂસી ન જાય કે કોમી એખલાસને આંચ આવે એવી ઘટના ન બને એ માટે અમદાવાદ જેવા સંવેદનશીલ મહાનગરમાં તંત્રને ખડેપગે રહેવું પડે છે. છેલ્લાં ઘણાં વર્ષોથી રથયાત્રા હેમખેમ પાર પડતી રહી છે. પ્રજાને પણ સમજાયું છે કે આ કોઈ એક સંપ્રદાય કે ધર્મના ઉત્સવ કરતાં વિશેષ પ્રજા અને પ્રભુ વચ્ચેના સેતુ સમો લોકોત્સવ છે. તેથી ભગવાન જગન્નાથના રથ સાથે નગરયાત્રાએ નીકળતા જગદીશ મંદિરનાં મહંતનું મુસ્લિમ અને ખ્રિસ્તી આગેવાનો પણ ઉમળકાભેર સ્વાગત કરે છે. આ વખતની રથયાત્રામાં પહેલી જ વખત ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ પહિંદ વઈધિ કરશે. કેન્દ્રીય માનવ સંશાધનમંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાની વડાપ્રધાનનાં દૂત તરીકે એમની સાથે જોડાશે. બેઉ મહિલા નેતાઓના હાથે ભગવાનના રથની સાફસૂફી અને પ્રસ્થાન એક યાદગાર પ્રસંગ બની રહેશે. ગુજરાતને શાંતિપ્રિય પ્રદેષશ તરીકેની વૈશ્વિક ઓળખ સાંપડી છે. ત્યારે આ વખતની રથયાત્રા પણ આનંદ અને ઉલ્લાસપૂર્વક સંપન્ન થાય એવી ભગવાન જગન્નાથને પ્રાર્થના કરી. સાથે જ, ખેંચાઈ ગયેલો વરસાદ પણ હવે આષાઢી બીજ શુકનવંતા મુહૂર્તે ગુજરાતની સંતપ્ત ધરતીને ભીંજવે તૃપ્ત કરે, એવી પ્રાર્થના અસ્થાને નહીં જ ગણાય.

ભૂતાન ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ જૂડો સ્પર્ધામાં ચૌધરી વિદ્યાલયની વિદ્યાર્થીનીઓનું શ્રેષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર, તા.૨૮

શહેરના સેકટર-૭માં આવેલ

શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ભૂતાન ખાતે યોજાયેલ જૂડો સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. જેમાં શાળાની એક વિદ્યાર્થીનીએ બ્રોન્ઝ મેડલ મેળવી ભૂતાન ખાતે શાળાનું અને પાટનગરનું નામ ગુંજતું કર્યું છે.

પાટનગરમાં આવેલી ચૌધરી શિક્ષણ સંકુલમાં આવેલ જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા દરેક સ્પર્ધામાં ભાગ લેવામાં આવે છે. વિદ્યાર્થીનીઓ ભાગ લઈ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી નામના પણ મેળવે છે. વર્ષમાં અનેક વાર યોજાતી સ્પર્ધાઓમાં ચૌધરી સ્કુલની વિદ્યાર્થીઓ ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન પણ કરે છે.

ત્યારે તા. ૧૮ જૂનથી ૨૭ જૂન દરમિયાન ભૂતાનના થીમ્પૂ ખાતે ૧૫મી એશિયન રૂરલ જૂડો ચેમ્પિયનશીપ યોજવામાં આવી હતી. જેમાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ધોરણ:૭ની વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ધોરણ-૧૨-એમાં અભ્યાસ કરતી ચૌધરી સુરેખા નરસિંહભાઈએ ૧૫મી સાઉથ એશિયન રૂરલ જૂડો ચેમ્પિયનશીપ ૨૦૧૪માં ત્રીજો નંબર પ્રાપ્ત કરતા બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.

તેમજ ધોરણ-૧૦માં અભ્યાસ કરતી લલીતા કે.ચૌધરીએ સિલ્વર મેડલ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતી રિંકલ એચ. ચૌધરીએ બ્રોન્ઝ મેડલ મેળવી શાળા અને પાટનગરનું ગૌરવ વધાર્યું છે. આ વિદ્યાર્થીઓને કોચ કિલ્લોલ સાપરિયા દ્વારા માર્ગદર્શન પુરું પડાયું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓને સંતોકબેન ચૌધરી, પ્રવિણાબેન ચૌધરી, હર્ષાબેન ચૌધરી દ્વારા હાર્દિક શુભકામના પાઠવવામાં આવી હતી.

કટોકટી લદાયાની યાદમાં સેવા સુરક્ષા સંઘ દ્વારા દેખાવો

ગાંધીનગર, તા. ૨૮

હજ્જારો, લાખ્ખો ક્રાંતિકારીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને કરોડો દેશવાસીઓના -યત્નોથી મળેલી આઝાદીનું સને. ૧૯૭૫માં કોંગ્રેસના તત્કાલીન વડા-ધાન શ્રીમતી ઈંદિરા ગાંધી એ પોતે ચૂંટણીમાં કરેલી ગેરરીતિઓને લીધે નામદાર કોર્ટ દ્વારા તેમને ગેરલાયક ઠરાવતાં, પોતાના પર આવેલી કટોકટીને બંધારણનો દૂરઉપયોગ કરીને દેશપર કટોકટીમાં ફેરવી નાખીને સમગ્ર દેશને જેલમાં ફેરવી નાખી રાષ્ટ્ર ભક્તોને જેલમાં પૂર્યા, તેમના પર અત્યાચાર કર્યા, લોકશાહીના સ્થંભ પત્રકાર જગત પર સેન્સરશીપ લાદી તે દિવસ એટલે ૨૬-૦૬-૧૯૭૫ દેશના ઈતિહાસનો કાળો દિવસ હતો.

આ દિવસને યાદ કરીને સેવા સુરક્ષા સંઘ દ્વારા અમદાવાદમાં ઈન્કમસર્કલ પર આવેલી ગાંધીજીની -તિમા પાસે લોકશાહીના જતનનો સંકલ્પ લઈને ભવિષ્યમાં કોઈ સરમુખત્યાર શ્રીમતી ઈંદિરા ગાંધી જેવા બને નહી તે માટે બહોળી સંખ્યામાં યુવાનોને સંકલ્પ લેવડાવતા સેવા સુરક્ષા સંઘના ચેરમેનશ્રી, શ્રી અક્ષયભાઈ ઠક્કર તથા સાથેના અગ્રણીઓ શ્રી ઉમેશ વ્યાસ, શ્રી લક્ષ્મણ રાવત, શ્રી મહેશ માંડવીયા, નમો ગ્રુપના શ્રી રાહુલ સોની વિગેરે ઉપસ્થિત રહ્યા હતા

સેંટ ઝેવિયર્સ વિદ્યાર્થીઓનું વિજ્ઞાનપ્રવાહ સેમ-૨માં ઉત્કૃષ્ટ પ્રદર્શન

ગાંધીનગર, તા.૨૮

આજે હાયર સેકન્ડરી બોર્ડ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૨ (ધોરણ-૧૧)નું પરિણામ આજે જાહેર થયું હતું. ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ શળામાં રોહિત ગૌરીશંકર ઓઝા કુલ ગુણ ૫૦૦માંથી ૪૬૩ ગુણ સાથે પ્રથમ આવ્યા છે.

આ પરિણામમાં દ્વિતિય ક્રમે નીલ રાજેશ પટેલે ૬૦૦માંથી ૫૧૪ ગુણ મેળવ્યા હતા. ત્યાર બાદ બાકીના વિદ્યાર્થીઓમાં કુલ ૫૦૦ ગુણમાંથી અંકિતા નીતિન પવલકરને ૪૪૪, કેવલ રજનીકાંત વૈષ્ણવને ૪૩૮, શ્રુતિ કલપેશભાઈ મહેતા ૪૨૫, સુરજ રામાકિશ્નન નાયરને ૪૨૪, નિતલ નટવરભાઈ વાઘેલાને ૪૨૦, મેહુલ પરિમલ ચોકસીને ૪૦૯ અને યશ દિપક મહેતાને ૪૦૫ ગુણ મળ્યા હતા.

આર્ટ ઓફ લીવીંગ દ્વારા હેપીનેસ પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા ૧૮ વર્ષથી મોટી ઉંમરના માટે આર્ટ ઓફ લીવીંગ હેપીનેસ પ્રોગ્રામનું આયોજન તારીખ ૧-૭-૨૦૧૪થી ૬-૭-૨૦૧૪ સુધી સવારે ૬-૦૦ થી ૯-૦૦ અને સાંજે ૬-૩૦ થી ૯-૩૦ મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ, સેકટર-૧૧ ખાતે કરવામાં આવેલ છે.

આ શિબિરમાં સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવેલ છે. આ શિબિર થકી તનાવમુકિત, આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત,માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે. આ શિબિરમાંથી રજીસ્ટ્રેશન માટે સ્થળ પર અથવા સુરેશભાઈ-૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

હરિની દૃષ્ટિ...

પારદર્શી અભિયાન ચલાવવાનું છે, પહેલા પશુની ગણતરી થશે, ફોટોગ્રાફી થશે, પોષણની માત્રા નક્કી થશે, તેમની જરૂરીયાત નક્કી થશે... ત્યાં સુધીમાં વરસાદ ન જ આવે તો કમિટી નક્કી કરે તે પ્રમાણે પગલાં લઇશું...

ગુરુકુળની વિદ્યાર્થિની ઝંકૃતિએ ૯૯.૨૭ પર્સન્ટાઈલ મેળવ્યા

સેકટર-૨૩માં આવેલ સ્વામિનારાયણ ગુરુકુળ સ્કુલમાં અભ્યાસ કરતી ઝંકૃતિ ભરતભાઈ મહેતાએ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨માં ૯૯.૨૭ પર્સન્ટાઈલ મેળવી

શાળાનું ગૌરવ વધાર્યું છે.

આજે શિક્ષણ વિભાગ દ્વારા સાયન્સના વિદ્યાર્થીઓનું સેમેસ્ટર-૨નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. સેક્ટર-૨૩ સ્વામિનારાયણ ગુરુકુળમાં અભ્યાસ કરતી ઝંકૃતિએ કેમેસ્ટ્રીમાં ૯૭, ફીઝીકસમાં ૯૪ અને બાયોલોજીમાં ૯૮ માર્ક મેળવ્યા છે. ઝંકૃતિ તેની કારકિર્દીમાં ડૉક્ટર બનવા માંગે છે. ઝંકૃતિની સિદ્ધિ પાછળ ઈજનેર પિતા ભરતભાઈ અને વ્યાખ્યાતા માતાનો મહેનત જવાબદાર છે. ઝંકૃતિએ સફળતા મેળવી સ્કૂલ અને સમાજનું ગૌરવ વધાર્યું છે.



જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

વર્તમાન પ્રવાહો

- વર્ષ ૨૦૧૪માં કેન્દ્રીય જળ સંસાધન મંત્રીએ નદીઓને બચાવવા માટે કયુ અભિયાન શરૂ કર્યું છે?
- જ. રાષ્ટ્રવ્યાપી વૃક્ષારોપણ અભિયાન
- વર્ષ ૨૦૧૪માં કયા દેશમાં સમલૈગિંક લગ્નને માન્યતા આપવામાં આવી છે?
- જ. લકસંબાર્ગ
- વર્ષ ૨૦૧૪ના વિશ્વ ખાદ્ય પુરસ્કાર માટે કયા ભારતીયની પસંદગી કરવામાં આવી હતી?
- જ. સંજય રાજારામ
- વર્ષ ૨૦૧૪માં સુપર કમ્પ્યુટર મેળવનાર ભારતની સૌથી પ્રથમ કઈ શિક્ષણ સંસ્થા છે?
- જ. આઈ.આઈ.ટી. કાનપુર
- વર્ષ ૨૦૧૪માં કયા દેશમાં એશિયન જુનિયર એથ્લેટિકસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું?
- જ. તાઈવાન
- વર્ષ ૨૦૧૪માં અમૂલ ડેરીના નવા મેનેજીંગ ડિરેકટર પદે કોની નિયુકિત કરવામાં આવી છે?
- જ. કે. રથનમ
- જુલાઈ-૨૦૧૪માં યોજાનાર માલાવાર નૌ સેના અભ્યાસમાં ભારત સહિત અન્ય કયા બે દેશ ભાગ લેશે?
- જ. અમેરીકા-જાપાન
- વર્ષ ૨૦૧૪માં ભારતનું કયું પ્રથમ કેરોસિન મુકત રાજય બન્યું છે?
- જ. દિલ્હી
- વર્ષ ૨૦૧૪માં વિશ્વ બાલ શ્રમ વિરોધ દિવસ કયારે મનાવવામાં આવ્યો હતો?
- જ. ૧૨ જૂન
- વર્ષ ૨૦૧૪ વિશ્વ બેંકના આંતરરાષ્ટ્રીય સલાહકાર તરીકે કયા ભારતીયની નિમણૂંક કરવામાં આવી છે?
- જ. બિકમ દાસ ગુપ્તા
- વર્ષ ૨૦૧૪ યુએન માનવાધિકાર આયોગના નવા પ્રમુખ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
- જ. જૈદ રાદ જૈદ અલ હુસૈન
- વર્ષ ૨૦૧૪માં કઈ બેંકે 'ટૈબ બેકીંગ' સેવા શરૂ કરી છે?
- જ. એસબીઆઈ બેંક
- વર્ષ ૨૦૧૪માં આયોજીત તીરંદાજી વિશ્વ કપ ત્રીજા વર્ગમાં કયા ભારતીય ખેલાડીએ રજત પદક પ્રાપ્ત કર્યો હતો?
- જ. રજત ચૌહાણ
- બ્રાઝિલ ખાતે યોજાઈ રહેલ FIFA-2014 વિશ્વકપમાં FIFA નું વિસ્તૃત નામ જણાવો?
- જ. ફેડરેશન ઈન્ટરનેશનલ ધ ફુટબોલ એસોસિએશન
- તાજેતરમાં ચર્ચામાં રહેલ આઈએસઆઈએસ આતંકવાદી સંગઠનનું વિસ્તૃત નામ જણાવો?
- જ. ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સિરીયા
- તાજેતરમાં ભારતે ભૂતાન દેશ સાથે કઈ યોજનાનો પ્રારંભ કર્યો છે?
- જ. ખોર્લાગ્યૂ
- તાજેતરમાં તીરંદાજી વિશ્વકપ-૨૦૧૪ કયા દેશમાં યોજાયો હતો?
- જ. તુર્કી
- વર્ષ ૨૦૧૪ પશ્ચિમ બંગાળ રાજયમાં લીચી ફળ દ્વારા ફેલાતા ખતરનાક વાયરસનું નામ શું છે?
- જ. અન્સેફલોપૈથી
- ૨૦૧૪ ફીફા વિશ્વ કપનો Mascot (શુભકર) શું છે?
- જ. ફૂલેકો (Fuleco)
- તાજેતરમાં કયા રાજયની સરકાર દ્વારા બીપીએલ ઉમેદવારોને નોકરીઓમાં ૧૨ ટકા આરક્ષણ આપવાની જાહેરાત કરાઈ છે?
- જ. સિક્કિમ

કથણ... કહેણી... કહેતી... કહાણી...કથાનક...કહાવત... એ જ 'કહેવત' !!!

હાળો..હાવ અક્કલનો ઓથમીર છે..... તો તને કોણે કઝ્ઝું હતું કે બેટા બાવળિયે ચડજે ?.... એમાં શું ? પૂછતાં પૂછતાં તો લંકા એ પહોચી જવાય.... એ તો સાવ પૂછડે બાંડો અને મોઢે ખાંડો છે... તમારો આ જ વાંધો... સિંદરી બળી જાય પણ વળનો છૂટે ગધેડું ગમે એટલું નવરાવો ને તોય કાઈ ધોળું નાં થાય..... જો ભાય એક મંત્ર યાદ રાખી લે કે વેત નમે ને એને હાથ નમવું હમેશા... આંધળાને આરસીને બહેરાને શંખ જેવું છે તારું બધું, તારી હાયરે શું વાત કરવી ?.... હહહહ તમે એમ વિચારતા હશો કે આ કઈ ગુજરાતી ફિલ્મ ના સંવાદો છપાવા માંડ્યા કે પછી એમ લાગતું હશે કે કેમ કાઈ સમજાતું નથી ? તો ફરીથી એકવાર ઉપરના બધા સંવાદો વાચી કાઢો. બધામાં એક વસ્તુ સામાન્ય છે. યસ યુ ગોટ ઈટ કરેક્ટ. બધા જ સંવાદોમાં એક વસ્તુ સામાન્ય છે અને એ છે કહેવતો. આપણે સામાન્ય અને રોજીંદી વાતચીતમાં કહેવતોનો છુટ્ટે હાથે ઉપયોગ કરીએ છીએ. જાણા તો કહેવતોના એવા માસ્ટર હોય કે સરેરાશ બે વાક્ય બોલે તો અચૂક ૩ - ૪ કહેવતો ટપકી પડે. કહેવતોના અર્થ વિષે અને અમુક મજેદાર કહેવતો વિષે પછી વાત કરીશું પણ પહેલા તો એ જાણવું પડશે ને કે આ કહેવત આવી ક્યાંથી ? આનું ગોત્ર કયું ? આનું જન્મસ્થાન શું ? કહેવત એટલે ? ચાલો કહેવતો વિષે કોઠી ધોઈને કાદવ કાઢીએ (આ પણ પાછી એક કહેવત થઈ!!!)

અસલમાં કહેવત એક એવું સાહિત્ય છે જે કયારે લખાતું નથી અથવા તો લખીને બનાવેલું સાહિત્ય નથી. કહેવતની વ્યાખ્યા આપવી હોય તો એમ કહી શકાય કે કહેવત એટલે પરંપરાથી લોકોમાં કહેવાતા બોધરૂપ દ્રષ્ટાંત અથવા તો નાના પણ ચોટદાર અને અસરકારક વાક્યો. મતલબ કે કહેવતના ઓથરનું નામ નથી હોતું. કહેવત એટલે ડહાપણના દીવા અને સાથોસાથ વણલખ્યું અને હાથવગું સાહિત્ય. જો કે દરેક કહેવત ડહાપણથી ભરપુર જ હોય એવું ય નથી, પૂછડે બાંડો ને મોઢે ખાંડો (પુરો નફ્ફટ) હવે આમાં ક્યાં કોઈ બોધ કે ઉપદેશ આવ્યો ? પણ ઈવન ધેન આ કહેવત પણ કોઈ વ્યક્તિ વિશેષના સ્વભાવનું ઓછા શબ્દોમાં સચોટ વર્ણન કરવા માં અવ્વલ નીવડે છે.કોઈએ બોધરૂપ વાક્યનો ઉપયોગ કર્યો ને બની ગઈ કહેવત ને પછી વહેતી થઈ રોજીંદી બોલચાલમાં. કોઈ કહેવત ફલાણા એ જ રચી છે એવો દાવો તો હજુ સુધી ધ્યાનમાં નથી આવ્યો.

કહેવતનો બીજો અર્થ એ પણ થાય કે કહે-વાત. મતલબ કે જે પણ કામ થયું હોય, જાટના જાટી હોય કે જેની પણ વાત કરવાની હોય પછી ભલે ને એ સારી હોય કે નરસી હોય કે પછી બંનેમાંથી કઈ પણ નાં હોય પણ એ વાત ને કહેવું મતલબ કહેવત (કહે-વાત). કહેવતોનું ઉદ્ગમસ્થાન મોટેભાગે ગામ જ હોય છે. ગામઠી બોલચાલ અને વાત ને રજુ કરવાની કે જાટનાની ગંભીરતા તરફ કે એના મહત્વ તરફ ઈશારો કરવાની ગ્રામીણ બોલીનો એક ભાગ એટલે કહેવત એટલે જ મોટાભાગની કહેવતોમાં ગ્રામ્ય વાતાવરણ અને સામજિક સંરચનાઓનો ટહુકો જોવા મળે છે. બાર ગાઉએ બોલી બદલાય બિલકુલ એ જ રીતે ગામે ગામ કહેવતોનો છર કે બોલવાની લઢણ અલગ હોય શકે પણ કહેવાનો ભાવાર્થ તો એક જ રહેવાનો. શબ્દોને થોડા ઈધર કે ઉધર કરી દેવામાં આવે પણ જે કહેવાનું હોય એ તો લાગ્યા તીર નિશાને જ જાય એટલે પછી જેવો દેશ એવો વેશની જેમ જેવું માણહ એવી કહેવત બનતી જાય. માંકડી ભેસ ને ચાંદરો પાડો, એ એંધાણીએ કણબીવાડો (કણબી વાડાની એંધાણી - ઓળખાણ), ગામનો હાકેમ ખીજે ત્યારે લોઢાના ચણા ચવરાવે (ગામધણી હુકમના અમલમાં કડક હોય) ગાય ઉપર પલાણ (ઉંધી રીતની સવારી) જાય બજાર ને ખાય પેજાર (બજારમાં જઈ ને અડપલું કરે તો ચપ્પલ - મોજડીનો માર ખાય) પારકે ઓટલે બેસીને ખોખારા નાં ખવાય (બીજાને જોરેનાં કુદાય)

વિશ્વની એવી કોઈ ભાષા નહિ હોય કે જેમાં કહેવતો નહિ હોય બિલકુલ એ જ રીતે ભારતની બધી જ -દેશિક ભાષાઓમાં પણ કહેવતો -ચલિત છે.ડચ ભાષામાં કહેવતોને દીકરીનો દરજ્જો આપવામાં આવ્યો છે. ત્યાં એવી કહેવત છે કે પ્રોવર્બ્સ આર ડોટર્સ ઓફ ડેઈલી એક્સપિરિયન્સીસ'. ફ્રાન્સિસ બેકને કઝ્ઝું હતું કે કહેવતો રાષ્ટ્રની ઓળખ - -તિભા તેમજ રાષ્ટ્રનું ડહાપણ અને ભાવના છે'. દાર્શનિક હોવેલે એને ? ફિલોસોફી ઓફ કોમન પીપલ' કહી છે તો ડિઝરાયલીએ એને 'અનરિટન લો ઓફ મોરાલિટી' કહી છે. આવો જોઈએ થોડીક વિદેશી કહેવતો જો તમે નાણા ઉધાર આપો છો તો કાં તો નાણા ગુમાવો છો અથવા નવો શત્રુ મેળવો છો. (આલ્બેનીયા) તમે જે નિહાળો છો તેમાંથી અડધું જ સાચું માનો, અને જે સાંભળો છો તેમાંથી કશુંય સાચું ન માનો. (ક્યુબા) ગરીબી

વિગેરે...વિગેરે...

- અજય ઉપાધ્યાય

- akurjt@gmail.com

દરવાજે આવે છે ત્યારે -મ બારીમાંથી ભાગી જાય છે. (ઈંગ્લેન્ડ) જે રસ્તો સૌથી વધું જાસાયેલો હશે એ સૌથી વધુ સલામત હશે.(ચેકોસ્લોવાકીયા) અવારનવાર માણસને પોતાનુ દુર્ભાગ્ય એ જ રસ્તે મળી જાય છે જે રસ્તો જેણે દુર્ભાગ્યથી પીછો છોડાવવા પસંદ કર્યો હોય છે. (ફ્રાન્સ) જયારે પૈસો બોલે છે ત્યારે સત્ય ચૂપ થઈ જાય છે. (રશિયા)

જે પુસ્તક ક્યારેય વાંચવા માટે ખોલવામાં નથી આવતું એ માત્ર કાગળનો ઢગલો જ હોય છે. (પોલેન્ડ) ધીરજ આનંદની ચાવી છે. અને ઉતાવળ શોકની ચાવી છે. (આર્બેનીયા) સંપતિ જેટલા સુખો આપે છે. તેથી વધુ એ વસૂલ કરે છે. (ચીન). આપણી જેમ જ વિદેશી કહેવતોમાં પણ ત્યાની વિશિષ્ટતા કે વિશેષતા જોવા મળે છે. જાપની કહેવતો વધુ તાત્વિક અને દાર્શનિક હોય છે.

અસલમાં કહેવતના કર્તાનું નામ ઠામ ખબર નથી હોતી પણ એના ઉપયોગ કે સંવર્ધિકરણમાં સામુહિક ફાળો રહેલો હોય છે. બોલી એ બોલી એ બદલાતા બદલાતા એમાં નવો શબ્દ કે ભાવ ઉમેરતો રહે છે.એક કાનથી બીજા કાને ફરતી રહેતી કહેવતોના પઠનમાં થતા ફેરફારોને લીધે જાણી વાત અર્થાન્તારો પણ જોવા મળે છે. કહેવતોની ભાષા સાવ સરળ અને સીધી હોય છે જેથી જડપથી લોકોના દિમાગમાં જે કહેવું હોય તે ઉતારી શકાય. જેમ કે ચપટીમાં જીવ (મોતની જાડી અથવા એવો સમય). કહેવતો મોટે ભાગે તળપદી ભાષામાં જ બોલાય છે જેથી આમ વર્ગ પણ એનો અર્થ સમજી શકે. એના માટે કોઈ વિશેષ શબ્દો કે અલંકારોની જરૂર રહેતી નથી. વાંદરી નાચે ને મદારી માલ ખાય (બીજાની મહેનત ને ફાયદો બીજાનો). કહેવતોમાં મોટાભાગે -રાસ વાળી ભાષા વપરાય છે બોલવામાં કે સાંભળવામાં એક લયનો અનુભવ થાય છે. જીવ્તાની ગણતી ને મુઆની ભરતી (જીવતા વાહવાહી કરે ને મર્યા પછી ભૂલી જાય). કહેવતનું ખાસ લક્ષણ છે કે એમાં કશો ને કશું બોધ છુપાયેલો હોય છે, કોઈને કોઈ ઉપદેશ કે અંગુલી નિર્દેશ કરવામાં આવ્યો હોય છે. પગ નું ખાસડું પગ માં શોભે, માથે નહિ (જયાં જેનું સ્થાન હોય ત્યાં જ તે શોભે) બોધ કે ઉપદેશની સાથે સાથે કહેવતોમાં સામાજિક વ્યવહાર અને નીતિઓ દ્વારા સામાજિક માર્ગદર્શન પણ મળતું હોય છે. ટોપીમાં ત્રણ ગુણ, નહિ વેરો નહિ વેઠ, બાવો બાવો સહુ કરે ને સુખે ભરીએ પેટ (ભગવા પહેરવાથી કે સાધુ થવાથી કશો વેરો કે વેઠ કરવાની નહિ, બધા સ્વામી સ્વામી કરે ને સુખે થી જીવાય) બિલકુલ આ જ રીતે કહેવતોમાં લોકજીવનનું -તિબિંબ પણ પડતું દેખાય છે. લોકની રહેણીકરણી અને આચાર વિચાર કહેવતો ઉપરથી જાણવા મળે છે. કોઈ પણ સમાજનું કોઈ ચોક્કસ સમયે શું નીતિમય આચરણ કે વ્યવસ્થા હશે એ જાણવી હોય તો લાઈબ્રેરીમાં જઈને કોઈ જુના કહેવત સંગ્રહના પાનાં ફેરવી જુવો તમને આપોઆપ કહેવતોના માધ્યમથી એ સમાજ માં એ વખતે શું ચાલતું હશે એનો ચોક્કસ ખ્યાલ મળી જ જશે. મારા ગામ નો એવો રાહ કે આગળથી અજારણી ને પાછળથી વિવાહ (અમારે ત્યાં ઉંધો રીવાજ છે કે પહેલા શ્રીમંત ને પછી વિવાહ)

આમ તો આપણી ગુજરાતી ભાષામાં બોલાતી કહેવતોના બહુ ઓછા સંગ્રહો ઉપલબ્ધ છે. રુઢિ-યોગો અને કહેવતોનો સંગ્રહ કરવાનો સૌથી પહેલો વિચાર કવિ દલપતરામ ને આવેલો. ઈ.સ. ૧૮૦૦ માં એમણે કથન સઝ્ઝશી'નામે કહેવતોનો સંગ્રહ -સિદ્ધ કરેલો. કથન એ પણ કહેવત માટેનો સમાનર્થી શબ્દ જ છે જે કથાનક પરથી ઉતરી આવેલો છે. મૂળ તો કથન સંસ્કૃત શબ્દ છે અને દલપતરામનાં આ પુસ્તકમાં ૭૦૦ કહેવતોનો સમાવેશ હોઈને આ પુસ્તકનું નામ અપાયું. કથન સઝ્ઝશી. કવિ દલપતરામના આ -યત્નથી -રાઈ ને ૧૮૫૧ માં મગનલાલ વખતચંદ શાહેં કથ્નાવલી નામે વધુ એક સંગ્રહ ગુજરાતી ભાષાને આપ્યો. પછી વચ્ચે વચ્ચે કહેવતોના નાના મોટા પુસ્તકો બહાર પડતા રઝ્ઝા પણ ૧૯૫૧માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની ગુજરાત વિજ્ઞાસભા) એ દલપતરામ ની સાતસો કહેવતોમાં બીજી અઢારસો કહેવતો ઉમેરી ને કથ્નાવલી બહાર પાડી. આ પછી કાલેક્રમે વિવિધ -કારના કહેવત સંગ્રહો બહાર પડતા રઝ્ઝા પણ ૧૯૯૨ માં ભાષા નિયામક ની કચેરી ગાંધીનગર દ્વારા -કાશિત રૂઢિ-યોગ અને કહેવત સંગ્રહ વધુ સમૃધ અને દળદાર છે કે જેમાં લગભગ પાંચેક હાજર જેવા રુઢિ-યોગો અને કહેવતોનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત ચરોતરી, કચ્છી કે પારસી ભાષામાં બોલાતી કહેવતો ના સંગ્રહો પણ -કાશિત થતા રઝ્ઝા.

કહેવતોની ખરી મઝા યોગ્ય સમયે, યોગ્ય સંદર્ભમાં વાપરવાની છે. કાં તો બાપ દેખાડ, કાં શ્રાદ્ધ કર જેવી કહેવત સચોટ રીતે છાપાના પહેલા પાનાના સમાચારના મથાળા સાથે વપરાતી હોય છે ત્યારે વાચકોનો દહાડો સુધરી જાય છે. તો આવો માણીએ થોડી ઓછી સાંભળે